| | | | |
|---|---|---|---|
| **તારીખ** | ૧૧ | ૧૧ | ૨૦૨૫ |
| **રજી.તારીખ** | ૧૧ | ૧૧ | ૨૦૨૫ |
| **ફે. તારીખ** | ૦૧ | ૦૪ | ૨૦૨૬ |
| **સમયગાળો** | વર્ષ | માસ | દીવસ |
| | | | |

---

**જામજોધપુરના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં મુકામ જામજોધપુર**

---

**ફોજદારી કેસ નં.૧૩૨૯/૨૦૨૫**

**આંક–**

**ફરીયાદી** – શ્રી સરકાર
જામજોધપુર પો.સ્ટે.ગુ.રજી.નં.૦૩૫૭/૨૦૨૫

**વી.**

**આરોપી** – **લખમણભાઇ ઘાનાભાઇ ઉલ્વા**
ઉ.વ.–૩૦
રહે.સાજણાનેસ, તા.રાણાવાવ, જિ.પોરબંદર

---

**ગુન્હો – ગુજ. પ્રોહી. એકટ કલમ– ૬૫(એ)(એ)**

---

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી** | એસ.યુ.બાબી |
| **આરોપી તરફે વિ. વ.શ્રી.** | એન.એચ.લાલાણી |

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૫–૦૫–૨૦૨૫ ના રોજ કલાક ૦૯:૩૦ વાગ્યે વાસજાળિયા ગામ, રેલ્વે સ્ટેશન સામે, રોડ પર આ કામના આરોપીએ તેની હોન્ડા કંપનીનું ગ્રે કલર વાળુ સાઇન મો.સા. જેના રજી.નં.

જોતા જીજે ૨૫ એબી ૧૪૬૧ માં દેશી દારૂનો જથ્થો લઇને હેરાફેરી કરતા હોય જેથી રેઇડ દરમીયાન દેશી દારૂ આશરે ૧૫ લીટર કિ.રૂ.૩,૦૦૦/– તથા હોન્ડા કંપનીનું ગ્રે કલરનું મો.સા. જેની કિ.રૂ.૨૦,૦૦૦/– ગણી એમ કુલ મળિ રૂ.૨૩,૦૦૦/– નો મુદામાલ મળિ આવી બન્ને ઇસમોએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ એ મુજબની ફરિયાદ આપતા તેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા તેને બી.એન.એસ.એસની કલમ – ૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ. આ કામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૬ થી ગુના અંગેની પ્લી લેતાં, તેઓને ગુનો કબુલ ન હોય હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કવા નીચે મુજબના પુરાવાઓ આપેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | સાહેદનુ નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | પંચ સાહેદ | મહેન્દ્રભાઇ ચંદુલાલ કડીવાર | ૦૮ |
| ૨ | પંચ સાહેદ | સલીમભાઇ શેરમામદભાઇ મકરાણી | ૧૦ |
| ૩ | ફરીયાદી | સરમણભાઇ સીદીભાઇ ગરચર | ૧૧ |
| ૪ | ત.ક.અ | સુરેશભાઇ રામજીભાઇ પરમાર | ૧૩ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૦૯ |
| ૨ | ફરીયાદ | ૧૨ |

(૪) ત્યાર બાદ ઉપરોકત પુરાવા રજુ થયા બાદ સરકાર પક્ષે એ.પી.પી શ્રી દવારા

વધુ લેખીત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક જાહેર કરતા ઉપરોકત પુરાવાના અંતે આ કામના આરોપી વિરુધ્ધ રેકર્ડ પર આવેલા પુરાવા સંદર્ભે તેને પોતાના બચાવની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી ભારતીયા નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ ૩૫૧ અન્વયે આરોપીના અગાઉ લેવાયેલા નિવેદન તળે વિશેષ નિવેદન લેતા તેમણે જણાવેલ છે કે, તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર પુરાવો આપવો નથી, ત્યાર બાદ બન્ને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લીધો.

(૫) આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## :: મુદા ::

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૫-૦૫-૨૦૨૫ ના રોજ કલાક ૦૯:૩૦ વાગ્યે વાસજાળિયા ગામ, રેલ્વે સ્ટેશન સામે, રોડ પર આ કામના આરોપીએ તેની હોન્ડા કંપનીનું ગ્રે કલર વાળુ સાઇન મો.સા. જેના રજી.નં. જોતા જીજે ૨૫ એબી ૧૪૬૧ માં દેશી દારૂનો જથ્થો લઇને હેરાફેરી કરતા હોય જેથી રેઇડ દરમીયાન દેશી દારૂ આશરે ૧૫ લીટર કિ.રૂ.૩,૦૦૦/- તથા હોન્ડા કંપનીનું ગ્રે કલરનું મો.સા. જેની કિ.રૂ.૨૦,૦૦૦/- ગણી એમ કુલ મળિ રૂ.૨૩,૦૦૦/- નો મુદામાલ મળિ આવી ગુનો કરેલ મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એ એ મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

## :: નિર્ણયો ::

(૧) મુદ્દા નંબર : ૧ : નકારમાં

(૨) મુદ્દા નંબર : ૨ : આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

(૭) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :–**

૭.૧ આ ફરીયાદ મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાનાં પંચ સાહેદોને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદોએ જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ કામગીરી માં ગયેલ નથી, પરંતુ તે સમયાગાળામાં તેઓની પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી. તે રીતે આ પંચ સાહેદોએ ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી જેથી સદરહુ પંચસાહેદના પુરાવાથી આ કામે રજુ થયેલ રીકવરી પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી.

૭.૨ ફરીયાદપક્ષે ફરીયાદી સરમણભાઇ સીદીભાઇ ગરચર તેઓની આંક–૧૧ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ અમો તથા પો.કો.અશોકભાઇ બાબુભાઇ ગાગીયા ક.૦૯:૦૦ થી પ્રોહી અંગે પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૧૦:૦૦ વાગ્યે વાંસજાળીયા ગામ રેલ્વે સ્ટેશન પાસે પહોંચતા ખાનગી રાહે હકીકત મળેલ કે તરસાઈ તરફથી એક મો.સા.ચાલક આગળના ભાગે એક સફેદ કલરનું પ્લાસ્ટીકનું બાચકું લઇ સામેથી આવતા જોવા મળેલ જેથી સદરહું મોસા ચાલકને રોકી મજકુર મો.સા.ચાલકનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ લખમણભાઇ ધાનાભાઈ ઉલવા રે.સાજણાવારા નેશ તા.રાણાવાવ જી.પોરબંદર વાળા હોવાનુ જણાવેલ. મજકુરની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા મો.સા.પર એક સફેદ કલરનું બાચકું જોવામાં આવેલ જેમાં પંચો રૂબરૂ ખોલી જોતા તેમાં પ્રવાહી ભરેલ પારદર્શક કોથળીઓ જોવામાં આવેલ જેમાં રહેલ પ્રવાહી પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમાં દેશી પીવાનો દારૂ લિ–૧૫ કિંમત રૂ.૩૦૦૦/– તથા મોટરસાયકલ કિંમત રૂ.૨૦,૦૦૦/– મળી કુલ

રૂ.૨૩૦૦૦/– નો મળી આવેલ હોય મુદામાલ દેશી દારૂમાંથી સેમ્પલ બોટલ ભરી પંચનામાની વિગતે તપાસ અર્થે હેડ કો.એસ.આર.પરમારનાઓએ કબ્જે કરેલ અને વિગતવારનું પંચો રૂબરૂ નું પંચનામું કરેલ. જેથી આરોપી સામે પ્રોહી એકટ કલમ ૬૫ એએ મુજબના ગુના અંગેની ફરિયાદ અમોએ હેડ કો.એસ.આર.પરમાર રૂબરૂની આપેલ. તેઓને ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે જાહેર રોડ વિસ્તાર છે . એ વાત ખરી છે કે પેટ્રોલીંગ માં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે મોટરસાયકલની માલિકી અંગેના કોઈ આધારો ફરીયાદ સાથે સામેલ રાખેલ નથી.એ વાત ખરી નથી કે આવો કોઈ આરોપી પંચો રૂબરૂ મુદામાલ સાથે મળી આવેલ ન હોય કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ.

૭.૩ ફરીયાદપક્ષે ત.ક.અ સુરેશભાઇ રામજીભાઇ પરમાર તેઓની આંક–૧૩ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ અમો તથા પો.કો.અશોકભાઇ બાબુભાઇ ગાગીયા ક.૦૯:૦૦ થી પ્રોહી અંગે પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૧૦:૦૦ વાગ્યે વાંસજાળીયા ગામ રેલ્વે સ્ટેશન પાસે પહોંચતા ખાનગી રાહે હકીકત મળેલ કે તરસાઈ તરફથી એક મો.સા.ચાલક આગળના ભાગે એક સફેદ કલરનું પ્લાસ્ટીકનું બાચકું લઈ સામેથી આવતા જોવા મળેલ જેથી સદરહું મોસા ચાલકને રોકી મજકુર મો.સા.ચાલકનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ લખમણભાઇ ધાનાભાઇ ઉલવા રે.સાજણાવારા નેશ તા.રાણાવાવ જી.પોરબંદર વાળા હોવાનુ જણાવેલ. મજકુરની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા મો.સા.પર એક સફેદ કલરનું બાચકું જોવામાં આવેલ જેમાં પંચો રૂબરૂ ખોલી જોતા તેમાં પ્રવાહી ભરેલ પારદર્શક કોથળીઓ જોવામાં આવેલ જેમાં રહેલ પ્રવાહી પંચો રૂબરૂ સુંધી સુંઘાડી ખાતરી કરતા તેમાં દેશી પીવાનો દારૂ લિ–૧૫ કિંમત રૂ.૩૦૦૦/– તથા મોટરસાયકલ કિંમત રૂ.૨૦,૦૦૦/– મળી કુલ

રૂ.૨૩૦૦૦/– નો મળી આવેલ હોય મુદામાલ દેશી દારૂમાંથી સેમ્પલ બોટલ ભરી પંચનામાની વિગતે તપાસ અર્થે અમોએ કબ્જે કરેલ અને વિગતવારનું પંચો રૂબરૂ નું પંચનામું કરેલ. આરોપી સામે પ્રોહી એકટ કલમ ૬૫ એએ મુજબના ગુના અંગેની ફરિયાદ સાથેના પો.કો.સરમણભાઇ સીદીભાઇ ગરચરનાઓએ અમારા રૂબરૂની આપેલ. મને ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી ફરીયાદીની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું. સદર ગુનો રજીસ્ટ કરી પી.એસ.ઓ.એ તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લઇ મુદામાલ પરિક્ષણ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ. તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે સદર કામે તટસ્થ સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે જાહેર રોડ વિસ્તાર છે . એ વાત ખરી છે કે આ કામે રાહદારીઓના નિવેદન લીધેલ નથી.એ વાત ખરી છે કે ચાર્જશીટના કામે એફ.એસ.એલ.રીપોર્ટ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે એફ.એસ.એલ.રીપોર્ટ રજુ રાખેલ ન હોય પકડાયેલ મુદામાલ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ હતો કે કેમ તે કહી શકાય નહી. એ વાત ખરી છે કે પેટ્રોલીંગ માં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે સદર કામે હું રેડ પાર્ટીમાં સામેલ હતો અને સદર ગુનાની તપાસ પણ મે કરેલ. એ વાત ખરી નથી કે આવો કોઇ આરોપી પંચો રૂબરૂ પ્રોહી મુદામાલ સાથે મળી આવેલ ન હોય ફરીયાદી અમારા સાથી કર્મચારી હોય તેની ફરીયાદ ને સમર્થન આપવા ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ.

૭.૪ આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ નથી.

(૮) આમ, આ કામે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને અનુરુપ પુરાવો આપેલ છે અને આરોપીના કબ્જામાંથી પંચનામાની વિગતે

પ્રતિબંધીત પ્રોહી મુદામાલ મળિ આવેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવે છે. પરંતુ આ કામે એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોનો પડેલ પુરાવો ઘ્યાને લેતા તેઓએ માત્ર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવેલ આંક-૦૯ થી રજુ થયેલ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, પંચોની હાજરીમાં આરોપીના કબ્જામાંથી પ્રોહી મુદામાલ મળિ આવેલ હોવાની હકીકતને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી આંક-૦૯ થી રજુ થયેલ પંચનામું પુરવાર થતુ નથી. વિશેષમાં તપાસ કરનાર અધિકારીનો પુરાવો ઘ્યાને લેતા પણ પંચનામું પુરવાર થયેલ છે તેમ માની શકાય નહીં. વધુમાં ફરીયાદપક્ષનો પડેલ પુરાવો ઘ્યાને લેતા બનાવવાળિ જગ્યા જાહેર જગ્યા હોવાનું ફલીત થાય છે અને બનાવવાળિ જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળિ આવે તેમ હોવા છતા આરોપી ના કબ્જામાંથી પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકીકત પુરવાર કરવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન તપાસ દરમીયાન ત.ક.અ. એ નોંધેલ હોય તેવું ફલીત થતુ નથી તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદન ન લેવા પાછળનું કોઈ યોગ્ય કારણ પણ ત.ક.અ.ના પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કામે મુદ્દામાલ સંદર્ભમાં કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ ચાર્જશીટ સાથે રજૂ થયેલ નથી તેમજ એવો કોઈ રીપોર્ટ રજૂ કરવા માટે ત.ક.અમલદાર દ્વારા કોઈ મુદતની માંગણી કરવામાં આવેલ નથી. આ કામે પકડાયેલ મુદ્દામાલની ચકાસણી અંગે એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ કરવામાં આવેલ ન હોઈ પકડાયેલ મુદ્દામાલ પ્રતિબંધીત પ્રોહી મુદામાલ હતો એવા તારણ પર આવી શકાય એમ નથી. આમ, બનાવના સમય અને સ્થળેથી આરોપીના કબ્જા અને ભોગવટામાંથી પ્રતિબંધીત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તેવુ ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. અત્રે એ નોંધવું જરૂરી છે કે પોલીસ સાહેદોના પુરાવાને આ કોર્ટ નકારતી નથી પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ પોલીસ સાહેદોના પુરાવાને જયારે અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ ન હોય, પોલીસ સાહેદો હિત ધરાવતા સાહેદો હોય તેમજ પકડાયેલ જથ્થો પ્રોહી મુદામાલ હતો તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ થયેલ ન હોય તેવા સંજોગોમાં આરોપીના પ્રત્યક્ષ અને સભાન કબ્જામાંથી પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકિકત શંકાથી પર પુરવાર થતી ન હોય આમ, આ

કામે આરોપી સામે મૂકવામાં આવેલ તહોમત ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવો લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદા નં.૨ નો અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

(૧) આ કામના આરોપી **લખમણભાઈ ઘાનાભાઈ ઉલ્વા** ઉ.વ.–૩૦ રહે.સાજણાનેસ, તા.રાણાવાવ, જિ.પોરબંદર નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ એ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનાં પ્રોહીબીશન મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો તે મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા મુદામાલ મો.સા. અંગે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા અપીલ સમય વિત્યે યોગ્ય ઈન્કવાયરી કરી મુળ માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીએ બી.એન.એસ.એસની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સદર ચુકાદો આરોપીની ગેરહાજરીમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના શરદ જેઠાલાલ સાવલાના ચુકાદાને અનુસરીને બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૨ અન્વયે જાહેર કરવામાં આવેલ છે.

હુકમ આજરોજ તા. ૦૧મી માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– જામજોધપુર
તા. ૦૧–૦૪–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઈ ગોહેલ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૦૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો